वर्ष : १६ सने : २०२० सं.२०७६
अंक : ३, સળંગ અંક-१०० आसों -सप्टेम्बर

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૬ સને ૨૦૨૦ સં.૨૦૭૬

અંક : ૩ આસો/સપ્ટેમ્બર સળંગ અંક-૧૦૦

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

(M) 9824252978

**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ તીર્થાધિરાજ અને તીર્થોદ્ધાર-૩

★ સ્વાધ્યાયના મહાન લાભો - ૧

★ પુનર્જન્મ

★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**कृपणोऽपि भवेद् दाता,**

**याचको भाग्यवान् यदि ।**

**दाताऽपि भवेत्कृपणो,**

**याचकोऽभाग्यवान् यदि ।।**

જો યાચક ભાગ્યશાળી હોય તો કૃપણ-કંજૂસ પણ દાતા બની જાય છે. જ્યારે યાચક અભાગી હોય તો દાતા પણ કંજૂસ થઈ જાય છે !

ધૂળ હલકી છે, તેના કરતાં ઘાસ, ઘાસ કરતાં રૂ, રૂ કરતાં પવન, પવન કરતાં યાચક અને તેના કરતાંય યાચના કરનારને ઠગનારો વધારો હલકો ગણાય છે.



## ★ તીર્થાધિરાજ અને તીર્થોદ્ધાર-૩ ★★★

**સંકલનઃ સંવર્ધન : પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

વાગ્ભટ્ટ (બાહડ) ના ચૌદમા ઉદ્ધારના થોડાં જ વર્ષોમાં શાહબુદ્દીન ઘોરીએ દિલ્હીના તખ્ત પર નશીન હિંદુરાજા પૃથ્વીરાજ ચૌહાણને હરાવી ભારતમાં કાળોકેર વર્તાવવાનો ચાલુ કર્યો. હિંદુ અને જૈન મંદિરો પર ભયાનક હુમલાઓ કરવા માંડ્યા. માની લો હિંદરાજ્ય પર આકાશમાંથી અગ્નિ વરસવા લાગ્યો. મોગલ સામ્રાજ્યે તેઓના લોહીમાં રહેલી ક્રૂરતા અને હિંસાને અંજામ આપવાનું ચાલું કર્યું. હજારો મંદિરોને જમીન દોસ્ત કર્યાં. ધર્મઝનૂનની પરાકાષ્ઠા જોવા મળી ! ધર્મના નામે જ ધર્મનો (ધર્મસ્થાનોનો) નાશ. આને ધર્મ કહેવાય જ કઈ રીતે ? ધર્મ આવું તો ન જ શીખવે ને ? ભારતદેશ પર, ભારતની જનતા પર વિપત્તિનાં માત્ર વાદળો જ ન-હોતાં ઘેરાયાં... શ્રાવણ - ભાદરવાની જેમ એ વરસવાય લાગ્યાં !!

એક તરફ મોગલોનાં આક્રમણો તો બીજી તરફ મ્લેચ્છ પ્રજા તરફથી પણ તોફાનો ! ચૌદમી સદીમાં તો અલ્લાઉદ્દીન ખીલજીએ એમાં વધારો કર્યો. અસંખ્ય મંદિરોનો નાશ કરવા તૈયાર થયો. જેની કલા-કારીગરી અને રમણિયતાની તુલના સ્વર્ગપુરીનાં વિમાનો સાથે પણ ન થઈ શકે તેવાં હજારો જિનાલયોને ધૂળમાં મેળવી દીધાં. પોતાનાં પ્રિયજનોની કતલ કરતાં વધારે વેદના આ જિનાલયોનાં ધ્વંસથી જૈનોને થતી હતી પરંતુ સત્તા અને ક્રૂરતાની સામે કોણ બાથ ભીડે ? મૂંગે મોંઢે ઘણું સહન કરવું પડ્યું !

જે પ્રભુ - પ્રતિમાઓને જોઈને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જાય, પાપી પણ પાવન થઈ જાય, પાપવૃત્તિનોય નાશ થઈ જાય તેવી અસંખ્ય પ્રતિમાઓને ખંડિત કરી નાખી ! અસુર જેવી એ પ્રજાએ સિદ્ધાચલ જેવા પરમપવિત્ર - શાશ્વત ગિરિરાજને પણ બાકાત ન રાખ્યો. ત્યાંના જિનાલય અને તીર્થપતિ શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાનેય નુકશાન પહોંચાડ્યું. મંત્રીશ્વર બાહડે મહામહેનતે ઊભા કરેલા જિનાલયના કેટલાક ભાગને ખંડિત કરી દીધા. તે સમયે વિદ્યમાન આચાર્યશ્રી જિનપ્રભસૂરિજી મહારાજે પોતાના રચેલા 'વિવિધતીર્થકલ્પ' નામના ગ્રંથમાં આ ઘટના વિ.સં. ૧૩૬૯ માં બન્યાની નોંધ મૂકી છે.

જૈન સંઘનું ભાગ્ય હજી નામશેષ નહોતું થયું. ભાગ્યયોગે; અણહીલ્લપુર પાટણમાં વસતા ઓસવાલ જ્ઞાતિના દેશલહરાવંશમાં સમરાશાહ નામના મહાન શ્રાવક વિદ્યમાન હતા. તેમના હાથ દિલ્હી સુધી લાંબા હતા. મતલબ, દિલ્હીની ગાદી પર નશીન બાદશાહ અલ્લાઉદ્દીન સાથે આ શ્રેષ્ઠીને સારો સંબંધ હતો. જો આવા સંબંધનો, આવા સમયે ઉપયોગ ન થાય તો એ સંબંધથી શું લાભ ?

સમરાશાહના ધ્યાનમાં આવ્યું કે દિલ્હીના બાદશાહે સિદ્ધગિરિ તીર્થ પર ઉત્પાત મચાવ્યો છે. આ શ્રાવક-શ્રેષ્ઠી ક્ષણનો ય વિલંબ કર્યા વગર સીધા દિલ્હી પહોંચ્યા! અલ્લાઉદ્દીનને મળ્યા. શામ - દામ - દંડ અને ભેદની નીતિમાં પ્રથમ નીતિનો ઉપયોગ કર્યો... સમજાવટથી કામ થઈ ગયું. શાસનના સદ્ભાગ્યે એ બાદશાહ માની ગયો. આગળ નુકશાન થતું અટકી ગયું. એટલું જ નહિ, મુસલમાનોએ જેટલું નુકશાન કર્યું હતું તેને, બાદશાહની અનુમતિ મેળવી સમારકામ ચાલું કરાવી દીધું. બાદશાહના તાબામાં મમ્માણની સંગેમરમર (આરસ) ની ખાણો હતી. તેમાં ઘણી ઊંચી જાતનો પત્થર નીકળતો, તે આરસ લેવાની પણ રજા મેળવી લીધી. બાદશાહે પરમીશન આપતાં જ આશરે બે વર્ષમાં નવી પ્રતિમા તૈયાર કરાવી. બીજી તરફ મંદિરનું સમારકામ પૂરું કરાવ્યું.

વિક્રમ સંવત ૧૩૭૧ માં પાટણથી સમરાશાહે છ'રી' પાલક સંઘ સાથે સિદ્ધગિરિ પર જઈ, મમ્માણની ઉત્તમ ખાણમાંથી લાવેલા આરસની ભવ્યપ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા-પ્રતિષ્ઠા કરાવી. મતલબ, મંદિરનો ઢાંચો (સ્ટ્રકચર) બદલ્યાવગર અને યોગ્ય મરામત કરી નવીન બિંબને ગાદીનશીન કર્યા. પ્રતિષ્ઠા સમયે તપાગચ્છના બૃહત્પોષાળ શાખાના આચાર્ય શ્રી રત્નાકરસૂરિજી મહારાજ વગેરે ઘણા પ્રભાવક આચાર્યોની નિશ્રા-હાજરી હતી. જૈનસંઘમાં અને જૈનોમાં આનંદનો પાર ન રહ્યો. ભવ્યાતિભવ્ય તીર્થાધિરાજને બચાવીને, જિનાલયને પુનઃ મૂળ સ્વરૂપમાં લાવી, તીર્થને અનુરૂપ ઉત્તમ પાષાણમાંથી પ્રતિમાનું નિર્માણ કરાવી પુનઃ પ્રતિષ્ઠા કરાવનાર સમરાશાહને ઘણા ધન્યવાદ આપવા ઘટે છે. મુસલમાન બાદશાહ પાસે જવાની આવી હિંમત ક્યારે થઈ શકે ? ક્યારેક આવા સમયે પ્રાણ પર પણ ખતરો આવી શકે ! જિનાલય, તીર્થ અને તીર્થાધિપતિને પ્રાણથી પ્રિય સ્વીકારવા દિલ તૈયાર થાય તો જ આવું સાહસ થઈ શકે. હા, સાહસ વગર તો સિદ્ધિ ક્યાંથી મળે ? સંસ્કૃતનું સુભાષિત પણ એ જ વાત જણાવે છેઃ સાહસે શ્રીર્વસતિ - મતલબ, સાહસ હોય ત્યાં લક્ષ્મી પ્રાપ્ત થાય છે. સાહસિક જીવ માટે કાંઈ જ દુર્લભ નથી. વિક્રમાદિત્ય રાજાએ સાહસ કરીને જ દેવ ગણાતા વેતાલનેય વશ કરી દીધો હતો!

પંદરમા ઉદ્ધારની વાતોને જણાવતો શિલાલેખનો થોડો ભાગ શત્રુંજયગિરિ પર આજેય મોજૂદ છે. ઉપરાંત ઉદ્ધારક તરીકે સમરાશાહ અને તેમનાં ધર્મપત્ની સમરશ્રીની મૂર્તિ પણ મોજૂદ છે.

'સત્તા આગળ શાણપણ નકામું' આ કહેવતને સર્વાંશે સત્ય માનવાની ભૂલ ન કરવી. શ્રદ્ધાપૂર્વકના સત્પ્રયત્નથી સફળતા મળે છે, આ વાત ભૂલવા જેવી નથી. ચાહ હોય તો રાહ મલે જ... મન ચંગા તો કથરોટ મેં ગંગા... જેવી કહેવતો



ક્યારે પ્રચલિત બની હશે ? એને અનુરૂપ ઘટનાઓ બની હશે ત્યારે જ ને ? એ ઘટનાઓ આપણને ઘણો બોધ આપી જાય છે. ભગવાન પરની ભક્તિ તો ભાગ્ય પણ બદલી શકે છે ! હૃદયમાં ભગવદ્ભક્તિ છલકતી હોય તો કઈ વાત અસંભવિત હોઈ શકે ? ઉપસર્ગો અને વિઘ્નોને દૂર કરવાનું પરમ સામર્થ્ય જિન-ભક્તિમાં રહેલું છે. પ્રાણની પરવા કર્યા વગર ધર્મની રક્ષા કરવા કટિબદ્ધ બનવું જોઈએ. ધર્મ રક્ષા માટે પ્રાણ ન્યોચ્છાવર કરનારનો ભવ નિષ્ફળ નથી, સફળ છે. આવાં બલિદાન ક્યારેય એળે જતાં નથી, એટલે કે નિષ્ફળ જતાં નથી. સફળતા એનાં ચરણ પખાળવા તૈયાર હોય છે.

પોતાના પ્રાણનો રાગ જેને હોય તો બલિદાન આપવા તૈયાર ન જ થઈ શકે. શાસનનો અનુરાગ દિલમાં વસ્યો હોય તો જાન ફેસાન કરતાં વાર પણ ન લાગે. શાસનના અનુરાગી આત્માને માટે સંપત્તિ, સંતતિ કે પ્રાણની કોઈ કિંમત નથી. શાસનને બચાવવા સર્વસ્વ ન્યોચ્છાવર કરવાય તૈયાર થઈ જાય. તે જ રીતે તીર્થને બચાવવાય સર્વસ્વ ન્યોચ્છાવર કરતાં વાર ન લાગે. કારણ તીર્થપ્રત્યેનો પારાવાર રાગ એમાં જવાબદાર છે.

કાયરજીવો જગતમાં રહેલા જીવોનો બલિ ચઢાવે છે. શૂરવીર જીવો જાતનો બલિ ચઢાવે છે. પોતાના સુખ માટે બીજાને ત્રાસ આપે તે અધમ છે. બીજાને સુખ આપીને દુઃખ પોતે વેઠે તે ઉત્તમ ગણાય છે. બીજા જીવો માટે જાતનું બલિદાન દેવાનું આવે તે ઉત્તમોત્તમ ગણાય છે. બલિદાન દેવાનું કાર્ય એટલું સરળ તો નથી જ, પરંતુ જ્યારે જાત કરતાં અન્ય ઉપર પ્રીતિ વધારે બને છે ત્યારે શહીદ થવામાંય ગૌરવ અનુભવાય છે.

(ક્રમશઃ) ધ

## ★ સ્વાધ્યાયના મહાન લાભો - ૧ ★★★

**-પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ**

દુનિયાના ઘણા ધર્મોમાં સ્વાધ્યાયનો પ્રચાર છે. પરંતુ સ્વાધ્યાય માટેના ગ્રંથો ખૂબ જ પરિમિત છે. જ્યારે જૈનધર્મમાં સ્વાધ્યાય માટેનાં આલંબન પૂરું પાડનારા અનેકાનેક ગ્રંથો છે. ૮૪-૪૫ આગમોથી લઈ ભૂતકાળમાં ખર્વો શ્લોક પ્રમાણ સાહિત્યનો સ્વાધ્યાય મુનિભગવંતો કરતા હતા. માત્ર દ્વાદશાંગીની વાત વિચારીએ તોય કરોડો પદો થાય. એક-એક પદમાં ૫૧,૦૮,૮૪,૬૨૧ાા શ્લોક હતા. આ રીતે વિચારવામાં આવે તો અધધધ ગણી શકાય તેટલો સ્વાધ્યાય હતો. સ્વાધ્યાયનો મધુર-મંજુલ ઘોષ સંભળાતો. સ્વાધ્યાયથી કેવળજ્ઞાન સુધીના લાભો શાસ્ત્રકારો ગણાવે છે. કેટલાક ધર્મોમાં તો તેમના ગ્રંથને સ્વાધ્યાયપોથી જ નામ આપે છે.

ઉપદેશમાળા ગ્રંથમાં તેના કર્તા અને પ્રભુ મહાવીરદેવના સ્વહસ્તે દીક્ષિત થયેલા શ્રીધર્મદાસ ગણી ૩૩૮ મા શ્લોકમાં જણાવે છે કે - સ્વાધ્યાયથી પ્રશસ્ત ગણાતાં ધર્મધ્યાન અને શુક્લધ્યાન પર આરૂઢ થઈ શકાય છે. સ્વાધ્યાય કરનારો આત્મા સર્વ જગતના પરમાર્થને - તત્ત્વને જાણે છે. તેનાં રહસ્યો સુધી પહોંચે છે. પદાર્થના મર્મનો જાણકાર બને છે. એના દરેકના ઐદંપર્યનો જ્ઞાતા બને છે. આગળ વધતાં જણાવે છે કે સ્વાધ્યાય જેમ જેમ થતો - વધતો જાય તેમ તેમ ક્ષણે ક્ષણે વૈરાગ્યનો પ્રકર્ષ વૃદ્ધિ પામે છે. એટલે કે રાગનો ક્ષય થાય છે. રાગના ઝેરને ઉતારનારો પરમમંત્ર આ સ્વાધ્યાય છે.

સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે. ૧. વાચના. મતલબ, નવું ભણવું, નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરવું. શાસ્ત્રનો પાઠ લેવો. તેના જાણકાર - ગીતાર્થ પાસે સૂત્ર અને અર્થનું જ્ઞાન મેળવવું. વ્યાખ્યાન શ્રવણ આ વાચના સ્વાધ્યાયનો જ પ્રકાર છે. એમાંય સૂત્રાર્થનું જ્ઞાન જ અપાય છે. વાચના પહેલાં ગુરુવંદન વગેરે વિનય કરવાનો છે. વિનય એ ધર્મનું મૂળ છે. મૂળ વગર અંકુર ક્યાંથી ફૂટે ? અંકુર વગર આગળ વિકાસ ક્યાંથી શક્ય બને ? સ્વાધ્યાય એવી ચીજ છે કે - અશુભધ્યાન - દુર્ધ્યાનને અવકાશ જ ન મળે. સ્વાધ્યાયના શબ્દોમાં એના અર્થમાં એવો પ્રભાવ છે કે - શુભધ્યાન માટેનાં દરવાજા ઊઘડી જાય ! ગમે તેવા ક્લેશ - સંક્લેશમાં મન હોય... ક્રોધાદિ કષાયોનો દાવાનળ ભભકતો હોય, રાગ - દ્વેષના દુર્ભાવોએ જીવને પકડ્યો - જકડ્યો હોય... હિંસાદિથી લઈ કોઈ પણ પાપપ્રવૃત્તિ કે પાપવિચારોએ જીવને ઘેર્યો હોય... મન દુનિયામાં ગમે ત્યાં ભટકતું હોય... તો આ સ્વાધ્યાય જીવને - મનને શુભધ્યાનમાં લઈ આવી સ્થિરતા અપાવે છે. ધર્મ ધ્યાનમાં સહજ પ્રવેશ કરાવે છે. ધર્મધ્યાનમાંથી શુક્લધ્યાનમાં આગળ વધારે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે ધર્મધ્યાન અથવા શુક્લધ્યાન જરૂરી અને આવશ્યક છે. આ બેમાંથી એક ધ્યાન વગર કેવળજ્ઞાન શક્ય નથી જ. ધર્મધ્યાનમાં જો નવા જન્મનું આયુષ્ય બંધાય તો માનવ માટે સ્વર્ગનો જન્મ (દેવનો ભવ) રિઝર્વ થઈ જાય.

શરીરમાં રોગોએ અડ્ડો જમાવ્યો હોય... વેદનાએ માઝા મૂકી હોય... પીડાનો પાર ન હોય... સામાન્ય રોગથી લઈ કેન્સર જેવા રાજરોગ - મહારોગે ભરડો લીધો હોય... તે સમયે વેદના - પીડાના યોગે હાય - વોય થતી હોય, મન આકુળ - વ્યાકુળ હોય... ચિત્ત ચલ-વિચલ હોય, સહનશક્તિની હદ બહારનું દુઃખ હોય..તેવા સમયે આ સ્વાધ્યાય સમાધિ આપે છે. જીવને ધર્મધ્યાનમાં જોડી રાખે છે. પ્રભુનાં - શાસ્ત્રનાં અમોઘવચનો સમાધિના તરંગો પેદા કરે છે. આ વચનો તે ઘણા દર્દોની દવા છે. માત્ર દ્રવ્ય આરોગ્ય જ નહિ, ભાવ આરોગ્યની



દવા છે. કર્મબંધના પ્રસંગને કર્મની નિર્જરામાં ફેરવવા માટેની ગુરુચાવી (માસ્ટર કી) છે.

સ્વાધ્યાયના પ્રભાવે પોતાના શરીરની પીડા સહન કરવાની શક્તિ મળે છે. પોતાના ભાવોમાં શુભ અને શુદ્ધતાની વૃદ્ધિ થાય છે. અશુભ અને અશુદ્ધતા (મલિનતા - અપવિત્રતા) દૂર થાય છે, તે જ રીતે નજીકમાં રહેલા જીવોને પણ તેની અસર થાય છે. તે જીવોના ભાવોમાંય પરિવર્તન આવે છે. વાતાવરણમાં એક પવિત્રતા પેદા થાય છે. પોઝિટિવ્હ ઓરા તૈયાર થાય છે. સ્વાધ્યાયના ઘોષમાં અન્યને પણ શાતા પમાડવાનું સામર્થ્ય છે. અન્યને સમાધિ પ્રાપ્ત થાય છે. મુનિ ભગવંતોના ચાલતા સ્વાધ્યાયથી જ તો અવંતીસુકુમાલને જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. તેનાથી જ તેઓ દીક્ષા લેવા તૈયાર થયા હતા. સાધ્વીજી શ્રી યાકિની મહાત્તરાના સ્વાધ્યાયથી જ જૈન શાસનને શ્રીહરિભદ્રસૂરિજી મ. જેવા સમર્થ વિદ્વાન અને પ્રભાવક આચાર્યભગવંતની ભેટ મળી હતી.

સ્વાધ્યાયનો પ્રભાવ અકલ્પનીય છે. શાસ્ત્રોના સ્વાધ્યાયના પ્રઘોષથી જંગલનાં પ્રાણીઓય શાંત થઈ જાય છે. શાસ્ત્રોનાં પ્રત્યેક વચનો મંત્રતુલ્ય છે. એનાંથી સાપ-વિંછી વગેરેનાં ઝેર ઊતરી જાય છે. ભગવાનની દેશના એ પણ સ્વાધ્યાય છે. ગુરુભગવંતનું પ્રવચન પણ સ્વાધ્યાય છે, તેનાથી કંઈ - કેટલાય એટલે કે હજારો - લાખો જીવો સંસારને અલવિદા કરવાનું કૌવત દાખવે છે. જીવોનાં દિલમાં બેઠેલા રાગને (ઝેરને) ઉતારવા માટે આ વાણી - સ્વાધ્યાય રામબાણ ઔષધની ગરજ સારે છે. કથાનકનો સ્વાધ્યાય પણ ફળદાયી થતો હોય તો તત્ત્વનો સ્વાધ્યાય ફળદાયી થાય, એમાં કોઈ આશ્ચર્ય નથી. કેવળજ્ઞાનથી નિર્વાણ સુધી ભગવાન રોજ દેશના (બે ટાઈમ) આપે છે. પ્રભુની વાણી અમોઘ (સફળ) કહેવાય છે. એટલે કે દરેક દેશનાને અંતે ઓછામાં ઓછા એક જીવને તો વિરતિના પરિણામ જાગે જ ! આ તમામ લાભો વાચના અને પરાવર્તના નામના સ્વાધ્યાયના જણાવ્યા. આવા તો ઘણા લાભો શાસ્ત્રકાર ભગવંતોએ ગણાવ્યા - જણાવ્યા છે.

વાચના પછી બીજા નંબરનો સ્વાધ્યાય 'પૃચ્છના' નામનો છે. મનમાં ઊઠેલી જિજ્ઞાસા - સવાલનું યોગ્ય સમાધાન મળે તો જ એના પર શ્રદ્ધા થાય. શ્રદ્ધા આવે તો એ જીવ જીવનમાં એ વાતને ઉતારવા તૈયાર થાય. સાંભળેલી વાત પર શ્રદ્ધા ત્યારે ઉત્પન્ન થાય, જ્યારે સાંભળેલી વાત સ્પષ્ટ સમજાય. એ વાતને દિલ - દિમાગ સ્વીકારે. પ્રશ્નોત્તર થવાથી પદાર્થનું સ્પષ્ટીકરણ થાય છે. નાસ્તિકને આસ્તિક બનાવામાં જેમ શ્રવણની જરૂર છે, તેમ પૃચ્છાની પણ જરૂર છે. પ્રદેશી રાજા નાસ્તિક હતો, તેને કેશી ગણધર મહારાજ સાથે પ્રશ્નોત્તરી થઈ... આ પ્રશ્નોત્તરીથી એ

માત્ર આસ્તિક જ ન બન્યો. વ્રત-નિયમ સ્વીકારી છઠ્ઠને પારણે છઠ્ઠ કરવાનો દુષ્કર પ્રયત્ન કર્યો. એ પુરુષાર્થના પાયામાં આ બીજા પ્રકારનો સ્વાધ્યાય મહત્ત્વનો હતો. પ્રશ્નોત્તરી થતાં યોગ્ય સમાધાન મળ્યું. ચાર જ્ઞાનના ધણી કેશી ગણધરે સચોટ જવાબો આપ્યા. તે માટે યોગ્ય દલીલો - દાખલાઓ આપ્યા. થિયરીકલ અને પ્રેક્ટીકલ વાતોના આધારે સમાધાન કર્યું. આ સ્વાધ્યાયથી તે ધર્મપુરુષાર્થના માર્ગે આગળ વધતાં પ્રદેશીરાજા પ્રથમ દેવલોકમાં સૂર્યાભદેવનો ભવ પામ્યો. વિષયાસક્ત એ રાજાને; પ્રથમ અને બીજા પ્રકારના સ્વાધ્યાયે ધર્મી બનાવી સદ્ગતિની ભેટ ધરી. નિકટ મુક્તિગામી બનાવી દીધો ! રાયપસેણી નામના આગમમાં આનો વિસ્તૃત અધિકાર છે. આગમમાં એમને સ્થાન અપાવી દીધું.

ભગવાનની દેશનામાંય વચ્ચે શ્રીગૌતમસ્વામીથી લઈ, અનેક રાજા દેવ - દેવેન્દ્ર - શ્રાવિકા વગેરે પ્રભુને પ્રશ્નો કરતા. કેટલાક અજૈન સંન્યાસીઓના પ્રશ્નોય આવતા. પાંત્રીસ ગુણથી ભરેલી વાણીથી પરમાત્મા તમામને સમાધાન આપતા. આનાથી પણ કેટલાય જીવો મિથ્યાત્વને વમી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનારા બન્યા. કેટલાક સંન્યાસીમાંથી શ્રમણ બની ગયા. કેટલાક સંયમી બન્યા તો કેટલાક દેશવિરતિનાં પાંચમા સોપાને પહોંચ્યાં, કેટલાક જીવોની શ્રદ્ધાની ડગમગતી નાવને આ સ્વાધ્યાય દ્વારા સ્થિર કરી, શ્રદ્ધા સ્થિર થવાથી ભાવની વિશુદ્ધિમાંય વૃદ્ધિ થઈ. આ ભાવો ગુણશ્રેણિ ચઢવામાં ખૂબ ઉપયોગી પુરવાર થયા. કેટલાય જીવોને આ સ્વાધ્યાયે વ્યવહાર સમ્યક્ત્વથી ઉપર ઉઠાવી નિશ્ચય સમ્યક્ત્વ સુધી પહોંચાડી દીધા. મતલબ, ચોથા ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાનકે લાવીને મૂક્યા ! આટલો આત્મ વિકાસ સ્વાધ્યાયના પ્રભાવે થતો હોય તો એની તાકાત ઓછી ન જ અંકાય.

ભગવાન શ્રી વર્ધમાન સ્વામી અને શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ સ્વામીજી સાથે થયેલા પ્રશ્નોત્તરનો ગ્રંથ ભગવતી સૂત્ર આજેય ઘણાને ઘણાં સમાધાન આપનારો બને છે. કંઈ - કેટલાય ભિન્ન ભિન્ન વિષયોની પ્રશ્નોત્તરી કે જે સામાન્ય જનથી લઈ બુદ્ધિજીવી આત્માઓને સમાધાન કરાવી શ્રદ્ધાને ઉજાગર કરે છે. શ્રદ્ધાના બળે તે જીવને સિદ્ધિ સુધી પહોંચાડે છે. અલબત્ત, મુક્તિ પ્રાપ્ત કરવા માટેના અસંખ્ય યોગો છે, એટલે કે માર્ગો છે. એમાં સ્વાધ્યાયનો યોગ (માર્ગ) સૌથી પ્રબળ છે. બાર પ્રકારના તપમાં સૌથી વધુ આરાધાતો તપ સ્વાધ્યાય છે. અભ્યંતર છ પ્રકારના તપમાં ચોથા નંબરે એનું સ્થાન છે. પાપના પ્રાયશ્ચિત્તમાંય બીજા તપ કરતાં સૌથી વધારે સ્વાધ્યાય જ અપાય છે. તપની તાકાત બધાની સરખી ન હોય... તપ તમામ જીવો ન કરી શકે... જ્યારે સ્વાધ્યાય તો તપસ્વી પણ કરી શકે તેમ ત્રણ-ચાર ટાઈમ ખાનારી વ્યક્તિ પણ કરી શકે, બાર પ્રકારના તપમાં સૌથી વધારે



થતો તપ પણ સ્વાધ્યાય જ છે. માટે જ શાસ્ત્રકાર લખે છે. સજ્ઝાયસમો તવો નત્થિ. અર્થાત્ સ્વાધ્યાય જેવો બીજો તપ નથી. એટલે કે સ્વાધ્યાયની તુલનામાં બીજો એક પણ તપ આવી શકે તેમ નથી.

શાસ્ત્ર એ આંખ છે. માટે જ તો લખવું પડ્યું કે - સાધવઃ શાસ્ત્રચક્ષુસઃ એટલે કે સાધુ ભગવંતો શાસ્ત્રની આંખવાળા છે. શાસ્ત્રની આંખોથી જ તમામ પદાર્થોને જુએ છે. પ્રશ્નોનાં સમાધાન પણ શાસ્ત્રોની આંખોથી જ આપે છે. શાસ્ત્રોને બાજુ પર મૂકી ગમે તેમ બોલનારા - પ્રરૂપણા કરનારા, સમાધાન આપનારા વાસ્તવિક સાધુ જ નથી. છદ્મસ્થ જીવો માટે શાસ્ત્ર એ લગામ છે. એ લગામ ન હોય તો મોક્ષના માર્ગ પર ચાલતી ગાડી, ઉત્સૂત્ર પ્રરૂપણા વગેરેના કારણે ક્યાંય ઉન્માર્ગે ચાલી જાય. પરિણામે દારુણ સંસારની વૃદ્ધિ થઈ જાય...! સ્વાધ્યાય (વાચનાદિ) રૂપ આંખથી ચાલનારો ભૂલો ન પડે. ઉત્સૂત્ર પ્રરૂપણા કે ઉન્માર્ગ ગમન જેવી પ્રવૃત્તિનો ભોગ ન બને. એ બંને ભૂલો જીવને અનંત કાળ ભટકાવે છે. ત્યારે તો આનંદઘનજી મ. જેવાએ ચૌદમા અનંતનાથ ભગવાનના સ્તવનમાં લખ્યું ને કે- 'પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યું, ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરિખો...' ભગવાન શ્રીવીરવિભુના આત્માએ પોતાના સમ્યગ્દર્શન પામ્યા પછીના સ્થૂલ ત્રીજા ભવમાં કપિલને એક નાનકડું સૂત્ર સંભળાવ્યું કે જેની નોંધ લઈને શાસ્ત્રકારોને કહેવું પડ્યું કે માત્ર આટલી નાની વાતથી એક કોડા કોડિ સાગરોપમ પ્રમાણ સંસારમાં ભટકવાનું જાલિમ કર્મ બાંધ્યું !

(ક્રમશઃ) ધ

## ★ પુનર્જન્મ ★★★

શ્રી પિલ્લૈ કે જેની અવસ્થા એંસી વર્ષથી વધારે છે. અને પોલિસ વિભાગમાં એક પ્રતિષ્ઠિત પદ પર કામ કર્યા પછી પોતાની શેષ જિંદગી રામચંદ્રપુરમાં ગાળવા આવ્યા હતા. સંધ્યા સમયે સ્થાનીય સ્કૂલના હેડમાસ્તર શિવપ્રકાશ એની સાથે વાતચીત કરવા આવતા.

એકવાર સાંજના તેઓ પુનર્જન્મ સંબંધી ગંભીર વાદવિવાદની ચર્ચામાં ઊતરી પડ્યા. શિવપ્રકાશે; જે નવા જમાનાનો હતો અને કંઈ વર્ષોથી વિજ્ઞાન શીખવી રહ્યો હતો, એને એ બધું કાલ્પનિક લાગતું હતું.

જ્યારે બીજી બાજુ પિલ્લૈ મહાશયનો અનુભવ ખૂબ જ વિશાળ હતો અને પોતાની લાંબી મુદતની નોકરીમાં ભિન્ન ભિન્ન પ્રકારના લોકોના સંપર્કમાં આવ્યા હતા.

તેમણે કહ્યું : 'વિજ્ઞાન જ બધું કંઈ નથી, ધર્મનું પણ એક સામ્રાજ્ય છે. જે

વિજ્ઞાનના પહોંચની બહાર છે. પુનર્જન્મના સિદ્ધાંતનો સંબંધ આ સામ્રાજ્યમાંનો એક છે, એટલે એને ટેસ્ટટ્યૂબ દ્વારા નહિ માપી શકાય, તેમ એની સત્યતા માટે ઈન્કાર નહીં કરી શકો.'

એના પ્રત્યુત્તરમાં શિવપ્રકાશ બોલ્યો : 'અંધ વિશ્વાસ તેમજ ભ્રમના તર્કથી દૂર ભાગવામાં જ મજા છે, અને આ બધા જ આપણી અવનતિ અને પતનનું કારણ છે. સંસારની આ બધી ખોટી વાતો ગમે તેટલી ચાતુર્યપૂર્ણ હોય તો પણ મને તે અત્યાર સુધી સંતોષી શકી નથી, જ્યાં સુધી મને પ્રત્યક્ષ અનુભવ ન થાય ત્યાં સુધી તો નહિ જ.'

'' ઠીક તો હું તમને મારા અનુભવની વાત સંભળાવું'' પિલ્લૈ મહાશયે જવાબ દેતાં કહ્યું.

''કેટલાંક વર્ષો પહેલાંની વાત છે. હું તીર્થયાત્રા માટે તિરૂપતિ ગયો હતો, તે દિવસે સખત ગરમી હતી. હું વિશ્રામ માટે એક ઝાડની છાયામાં બેઠો. મારાથી થોડે દૂર એક વૈરાગી બેઠો હતો. તેણે કૌપીન અને રૂદ્રાક્ષની માળા પહેરી હતી, અને આખા શરીરે વિભૂતિ (રાખ) લગાવી હતી. એની આકૃતિ બનાવટી કે પાપી સાધુઓ જેવી ન હતી. એની વાતચીત ઉપર મને પૂર્ણ વિશ્વાસ થઈ ગયો કે મારો સાક્ષાત્કાર, એક સભ્ય અને વિદ્વાન મનુષ્ય સાથે થયો છે. તેણે આડીઅવળી થોડી વાતો કર્યા પછી પોતાની કૌપીનમાંથી એક નાની થેલી કાઢી, તેમાંથી એક સફેદ ગોળી આપી.''

''આ ખાઈ લ્યો'' તેણે કહ્યું.

'હું પહેલાં અચકાયો' કોણ જાણે આ શું હશે અને એની શી અસર થતી હશે? આવા જોખમમાં કોણ પડે ? ત્યારે મૃદુ સ્વરથી તેણે કહ્યું : 'ડર નહિ, ખાઈ લે, તું હૃદયરોગથી મુક્ત થઈ જઈશ.' ત્યારે મારી દિલચસ્પી અધિક વધી ગઈ. મારું હૃદય કમજોર હતું, તે વાત સત્ય હતી. કોઈ કોઈવાર એના કષ્ટદાયક હુમલાઓ થતા હતા. ખાસ કરીને જ્યારે હું ઉત્તેજિત અથવા ભાવાવેશમાં આવી જતો ત્યારે હુમલો થતો. પરંતુ આ વ્યાધિની ખબર આ વ્યક્તિને ક્યાંથી પડી ? આ પ્રમાણે હું એમને આશ્ચર્યથી જોઈ રહ્યો હતો ત્યારે તેઓ મને ગોળી ખાઈ જવાને માટે આગ્રહ કરવા લાગ્યા, ગોળી ક્વીનાઈનથી પણ વધારે કડવી હતી, આથી મારી આંખ થોડીવાર માટે એકદમ બંધ થઈ ગઈ. ફરી જ્યારે મેં આંખ ઉઘાડી અને વૈરાગી તરફ જોયું તો હું સ્તબ્ધ થઈ ગયો.

મધ્યાહ્નના પ્રકાશમાં તે વ્યક્તિની છાયા દૂર પત્થર પર પડી રહી હતી, અને તે છાયામાં મેં મારી માને જોઈ કે, જેનું મૃત્યુ કંઈક વર્ષો પહેલાં થયું હતું. હું



એકદમ બરાડી ઊઠ્યોઃ મા ! અને ફરીથી હું બેભાન બની ગયો.

''જ્યારે હું હોશમાં આવ્યો ત્યારે મેં જોયું કે હજી વૈરાગી ત્યાં જ બેઠો હતો અને મારી તરફ જોઈને મંદમંદ હસી રહ્યો હતો. પરંતુ છાયા માત્ર છાયા જ રહી ગઈ હતી. મારી મા લુપ્ત થઈ ગઈ હતી. હજી મારામાં ઔષધિની અસર હતી.''

'થોડી ક્ષણ પહેલાં મારી પ્રતિછાયા જોઈ હતી તે મારા પૂર્વજન્મનું રૂપ હતું. આ સંસારમાં માનવીય સંબંધ માતા, પુત્ર વગેરે જે છે તે મિથ્યા છે, કેવળ ઈશ્વર જ સત્ય છે' આમ કહી તેણે મને ચાર ગોળી વધારે આપી, જે કેળના પાનમાં વિંટાળેલી હતી અને મને કહ્યુંઃ કે તું એને તારી પાસે રાખજે, જ્યારે તને હૃદયનો હુમલો આવે ત્યારે એક ગોળી ખાઈ લેજે, ચાર ખાઈ લીધા પછી તું વ્યાધિમુક્ત થઈ જઈશ અને હંમેશા પ્રસન્ન રહીશ, તને સરકારી પેન્શન નેવું વર્ષ સુધી મળશે; એમ કહી તે જવા માટે ઊઠ્યો અને બોલ્યો.

જ્યારે તું ગોળી ખાઈશ ત્યારે તે ઔષધિના પ્રભાવમાં તું સજીવ વસ્તુ તરફ પ્રથમ દૃષ્ટિ કરીશ. તેમાં તને તારા પોતના પૂર્વજન્મના સ્વરૂપનો આભાસ થશે તે પણ એકવાર. તું બીજીવાર તે જ વસ્તુ જોવા બીજી ગોળી ખાઈશ તો પણ તે વસ્તુ પાછી નહીં દેખાય. આમ કહી ચાલતો થયો. હું પ્રભાવિત થઈ ઘેર ગયો.

કંઈક મહિનાઓ પસાર થઈ ગયા, અધિક કામના બોજના લીધે અને નવા નવા અનુભવોને લીધે હું વૈરાગી અને તેની ગોળીઓ બિલકુલ ભૂલી ગયો.

એક દિવસ બપોરે હું ઊંઘમાંથી ઊઠ્યો ત્યારે દૂધનો ગ્લાસ જે હંમેશાં નોકર રાખી જતો હતો તે ઉઠાવવા ટેબલ પાસે ગયો ત્યારે મેં જોયું કે મારી બિલાડી દૂધનો ગ્લાસ નીચે પાડી નિરાંતે દૂધ પીતી હતી. અચાનક ક્રોધના આવેશમાં મેં તેના તરફ ભારે વસ્તુ ફેંકી પણ પોતાની જાતને બચાવી તે ઓરડામાં ભાગી ગઈ. એ બિલાડીને સીધી કરવા હું તેની પાછળ દોડ્યો, પરંતુ તે વખતે જ મને હૃદયની તીવ્ર પીડાએ જકડી લીધો, ત્યારે મને વૈરાગીની ગોળીઓ યાદ આવી. મેં તેને સુરક્ષિત રીતે મારી પાસે રાખી હતી, તેમાંથી એક ગોળી ખાધી અને તરત જ સ્વસ્થ થઈ હું બહાર વરંડામાં ફરવા લાગ્યો. મધ્યાહ્નના તડકામાં ઊભો હતો ત્યારે બિલાડી ક્ષમાયાચનાની ઈચ્છાથી મારી પાસે આવીને મ્યાઉં, મ્યાઉં કરીને મારા પગ પાસે પોતાનું શરીર ઘસવા લાગી. મારો ક્રોધ દૂર થઈ ગયો હતો. હસતો હસતો તેને જોવા લાગ્યો. તેની છાયામાં મેં મારી પત્નીને જોઈ. તેનું મૃત્યુ ઘણા વર્ષો પહેલાં યુવાવસ્થામાં થયું હતું, અને મૃત્યુએ મારી એકલી પત્ની જ નહિ પણ સાથે સાથે જીવનસાથીને મારાથી અલગ કરી હતી.

આ સમયે તેને જોઈને મને કેટલી પ્રસન્નતા થઈ હશે, એ કેમ બતાવી શકું?

મેં સ્નેહથી બિલાડીને ઉપાડી. તેને ચુમતો તથા પંપાળતો બોલ્યો : 'ઠીક તેં મારું દૂધ પીધું હતું ખરું ને ? હવે પત્નીને બીજીવાર જોવા માટે બીજી ગોળી ખાધી અને બિલાડીને નીચે ઉતારીને તેની છાયા જોવા લાગ્યો. પણ કોઈ દેખાયું નહિ. વૈરાગીની ચેતવણી તદ્દન ભૂલી ગયો હતો. પરંતુ હવે યાદ આવ્યું કે તેણે કહ્યું હતું કે તને પૂર્વજન્મનું એક રૂપ એક જ વાર દેખાશે. બીજી ગમે તેટલી ગોળી ખાઈશ તો પણ તે વસ્તુ ફરી નહિ દેખાય. તે દિવસ પછી બિલાડી મારી પત્નીના આત્મા સુધી પહોંચનાર માધ્યમ તરીકે મને પ્રિય થઈ પડી. એના સ્વરમાં મને મારી પત્નીનો સ્વર સંભળાતો. એની આંખમાં એની છાયા દેખાતી. થોડા વખત પછી બિલાડીનું મૃત્યુ થયું. ત્યારે હું વ્યથિત થઈને તેની પાસે બેસી ગયો. તેને ઘરના પાછળના ભાગમાં દફનાવી તેની કબર પાસે એક લીમડાનો છોડ વાવ્યો તે છોડ દિવસે દિવસે મોટો થતો ગયો. તેના સૌંદર્યમાં મને મારી પત્નીનું સ્મરણ થતું, અને મારું હૃદય સંતોષથી ભરાઈ જતું.

કેટલાંક વર્ષો વીતી ગયાં, મારી નોકરીની અવધિ સમાપ્તિ પર પહોંચી ગઈ હતી. અવકાશના સમયમાં સુખમાં રહેવા માટે મેં ખૂબ પુંજી ભેગી કરી હતી. મારો એક મિત્ર કાશીવિશ્વનાથ હતો. તે પાછળથી ધૂર્ત છે, એમ સાબિત થયું. પણ એના રૂવાબમાં હું અંજાયો અને મેં મારી બધી સંપત્તિ એની બનાવેલી યોજનામાં આપી દીધી. એક દિવસ મને ખબર પડી કે અમારા વ્યવસાયમાં કેટલાએ હજારની ખોટ આવી છે. અને કાશીવિશ્વનાથ ક્યાંક ચાલી ગયો છે, મારા માણસો એને શોધીને મારી પાસે લાવ્યા અને અધિકારીઓને સોંપતા પહેલાં મારો ક્રોધ એના ઉપર ઊતારવા મને પોતાને હું રોકી ન શક્યો.

મેં એને મારવાનું શરૂ કરી દીધું. મેં એને ત્રણ ચાર તમાચા ચોંડી દીધા પણ પછી મને ખૂબ જ દુઃખ થયું, એટલે અટકી ગયો. તરત જ મેં વૈરાગીની ગોળી ખાધી. એની કડવાશમાં મને જેણે ધોકો દીધો હતો તે ભયભીત થઈને મારી સામે ઊભો હતો, તેને જોઈને મારો ક્રોધ વધ્યો અને જેવો મેં તેને મારવા હાથ ઉપાડ્યો કે તરત જ એ દુષ્ટની છાયામાં મેં મારા પિતાને જોયા.

'એને મુક્ત કરી દ્યો' મેં આશ્ચર્યચક્તિ થયેલા સિપાઈઓને બૂમ પાડીને કહ્યું. 'એને જવા દ્યો.' હું વિચારમાં પડી ગયો કે શું સ્વયં માતા પિતાએ જ મને દગો દીધો ? શું એમના ઉપકારનો બદલો ચૂકવવાનો આ જ રસ્તો હતો ? અને મને તરત જ યાદ આવ્યું કે મેં કેટલીય વાર મારા પિતાનો વિશ્વાસઘાત કર્યો હતો.

એક દિવસે કલેક્ટરે મને શિકાર માટે આમંત્રણ આપ્યું. હું કટ્ટર શૈવ હતો. એટલે નિર્દોષ પક્ષીઓની હત્યા કરવાના પક્ષમાં ન હતો.



કલેક્ટરની શરમે અસ્વીકાર ન કરી શક્યો. આ સમય મારા માટે અરુચિકર હતો. મેં એક પક્ષીને મારી ગોળીથી શિકાર બનાવી દીધું. મેં મારી જિંદગીમાં આ પહેલું જ પક્ષી માર્યું હતું. જ્યારે અમે કેમ્પમાં પાછા ફરતા હતા ત્યારે એક નોકર તે જખમી પક્ષીને પગ બાંધીને ખભાપર લઈ જતો હતો. અમે તળાવના કિનારે કિનારે એક પંક્તિમાં જતા હતા ત્યારે મને એક પક્ષીની હત્યા માટે ખૂબ જ દુઃખ થતું હતું. મને મહર્ષિ વાલ્મિકીએ એક પારધીદ્વારા એક પક્ષીને મારવા ક્રોધ વચન કહ્યાં હતાં તે યાદ આવ્યાં. મહર્ષિએ શ્રાપ આપ્યો હતો. मा निषाद् प्रतिष्ठा त्वमगमः शाश्वतीः समाः । (ભવિષ્યમાં શાશ્વતી સરખી પ્રતિષ્ઠા ન પામ.) હું વિચારવા લાગ્યો 'કે ક્યાંક મહર્ષિનો શ્રાપ મને તો નથી લાગ્યો ને ?'

આખો દિવસ મારી તબીયત સારી ન રહી. આ વખતે પણ મારી પહેલાંની પીડા શરૂ થઈ ગઈ. જ્યારે સહન ન થયું ત્યારે એક ઝાડની છાયા નીચે બેઠો અને સારું થઈ જવાની વાટ જોવા લાગ્યો, દર્દથી હું વિહ્વળ થઈ ગયો પરંતુ સૌભાગ્યવશ મારી પાસે છેલ્લી ગોળી હતી, તે ખાધી અને આંખો ઊંચી કરીને જોયું તો તે જખમી પક્ષીના છાયામાં નજર પડી. ત્યાં મેં મારા એક માત્ર પુત્રની છાયા જોઈ. જેની મૃત્યુ વખતે ઉંમર પાંચ વર્ષની હતી. મરતી વખતે એના ભયગ્રસ્ત મોમાંથી એક ચીસ નીકળી પડી હતી. બાપુ ! જુઓ મને કોઈ ઘસડી જાય છે અને મેં તેને બુચકારીને કહ્યું હતું. 'નહીં બેટા ત્યાં કોઈ નથી. ડર નહીં.' પરંતુ તે નિષ્ઠુર રાત્રિએ તેને મારી પાસેથી છીનવી લીધો હતો. હમણાં આ બધાનું સ્મરણ થયું, અને માનસિક તથા શારીરિક યાતનાને લીધે હું જમીન પર પડી ગયો. અને એ પક્ષી પણ મરી ગયું. ઓહ મેં મારા પુત્રને મારી નાંખ્યો !

મહિના પછી સામ્પ્રદાયિક ઝઘડાની સમાપ્તિ માટે જાહેર સભામાં એક સાધારણ કિસાન બોલ્યાઃ દોસ્તો ! આપણા ઝગડા પર વિચાર કરો. આપણે પાછલા જન્મમાં કોણ હતા, તે જાણતા નથી. અને ભવિષ્યમાં આપણે કોણ હોઈશું, તે કોઈને ખબર નથી. આપણે ક્યાંથી આવ્યા છીએ અને આપણા ધ્યેય શું છે ? વગેરે, મને એનો અનુભવ હતો પરંતુ મારું માને કોણ ? ગોળીઓ હવે સમાપ્ત થઈ હતી. ગયે મહિને મેં રજા લીધી અને તિરૂપતિ ગયો, પરંતુ ભરપૂર શોધ કરવા છતાં તે વૈરાગીનો પત્તો ન લાગ્યો. તો સમજ્યા, શીવપ્રકાશ ! દુનિયામાં એવી કોઈ ચીજ છે જે તમારા દર્શનમાં મેળ નથી ખાતી. શું હજી પણ વિશ્વાસ નથી પડતો? શિવપ્રકાશે કહ્યું : ઠીક છે, શેક્સપીઅરે કોઈ જગ્યાએ આવી જ વાત કરી હતી :- દુનિયામાં એવી બહુ વસ્તુઓ છે, હોરેશિયો, જે તમારા દર્શનની કલ્પનાથી પર છે. ધ

-સંકલન

પૂજ્યપાદ સમ્યગ્જ્ઞાન દાતા, ધર્મતીર્થપ્રભાવક, અખંડબાલબ્રહ્મચારી આ.ભ. શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના કૃપાપાત્ર આગમ-શિલ્પ-વિધિવિધાનવિશારદ પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ. ઠા.૨ તથા પૂ.પ્ર.સાધ્વીજી શ્રી ભદ્રિકાશ્રીજી મ. આદિ ઠા.૪ ની નિશ્રામાં મૈસૂરમાં પર્વાધિરાજની આરાધના ખૂબ જ સુંદર અને ભાવોલ્લાસથી થઈ. કોરોના મહામારીના યોગે સરકારી નીતિ-નિયમોને ધ્યાનમાં રાખીને તમામ કાર્યો ચાલતાં હતાં. બારસાસૂત્રના શ્રવણમાં લગભગ ૩૪૦ ભાવિકોની હાજરી હતી ! સંવત્સરી પ્રતિક્રમણમાં પણ મહાવીરભવનમાં પુરુષોની ત્રણ બેંચ મળી લગભગ ૨૦૦ ઉપર શ્રાવકોએ પ્રતિક્રમણ કર્યું. બે બેંચમાં પંડિતજી દ્વારા અને એક બેંચને પૂ. આચાર્ય ભગવંતે પ્રતિક્રમણ કરાવ્યું.

પર્યુષણના કેટલાક ચઢાવા નકરાથી, કેટલાક બોલી બોલીને આદેશો અપાયા. ભાસુ. ૮ ના ગણધર - યુગપ્રધાન દેવવંદન પણ સમૂહમાં કરાવાયાં. ત્યારબાદ બે - ત્રણ દિવસ પ્રવચનો થયાં. તે પછી ગામમાં તથા જૈનોમાં કેસો વધવાથી પ્રવચન વગેરે મંગલિક રખાયાં છે.

હાલ પૂજ્યશ્રીનું સાહિત્યનું કાર્ય ચાલે છે. કેટલાક શ્રાવકો બાળકો ભણવા આવે છે. સૂત્રોનું અધ્યયન ચાલું છે. શ્રાવકો પૂરતું ધ્યાન રાખે છે. કોઈ તકલીફ આવવા દેતા નથી.

બાકી સાધુ - સાધ્વીજી ભગવંતો સુખશાતામાં બિરાજમાન છે. સૌનું સ્વાસ્થ્ય સારું છે. સંઘના ટ્રસ્ટીઓ, આગેવાનો, વિવેકી શ્રાવકો નિયમિત સંભાળ લઈ રહ્યા છે. સેવા ભક્તિમાં કોઈ ખામી આવવા દેતા નથી.

પર્યુષણ સુધીમાં ત્રણ પયન્નાનું કાર્ય (ભાવાનુવાદ સાથે) પૂરું થયું. ભા.વ.૬ થી ગચ્છાચારપયન્નાનું કાર્ય ચાલે છે. આ બાજુ કેટલાક ગ્રંથો ન મળવાના કારણે પણ કાર્યની ગતિ મંદ રહે છે. કોરોનાના કારણે કુરિયર વગેરેની સર્વિસ પણ નિયમિત નથી.

પ્રવચન બંધ હોવાથી, સંઘના આગ્રહથી પૂજ્ય ગુરુદેવ રોજ એક આર્ટીકલ લખીને આપે છે. તે આર્ટીકલ અહિંસાક્રાંતિ, બ્લ્યુ સીટી, જિનશાસન સંદેશ, દક્ષિણ ભારત રાષ્ટ્રમત, રાજસ્થાનપત્રિકા વગેરે ન્યુઝપેપરોમાં રોજ છપાય છે. હજારો ભાવિકો વાંચે છે. ઉપરાંત વોટ્સ - એપનાં ગ્રુપોમાં લગભગ ૫૦૦૦ થી વધારે



ભાવિકોને આ આર્ટીકલ્સ જાય છે. થોડા નમૂના ગતાંકમાં હતા...થોડા આ અંકમાં પણ મૂક્યા છે. જેથી વાચકોને પણ જાણવા - વાચવા મળે. બધાનો પ્રતિસાદ સારો મળી રહ્યો છે. ઉપાશ્રયમાં ન જઈ શકનાર, પ્રવચનથી વંચિત વર્ગને સ્વાધ્યાયનો ખોરાક મળી રહે છે. બધા રસપૂર્વક વાંચે છે. ગુજરાત - મહારાષ્ટ્ર - કર્ણાટક - તામિલનાડુ વગેરે રાજ્યોનાં અનેક ગામ - નગરોમાં આ લખાણ વંચાય છે.

**સંપર્ક માટે :** ૯૪૨૯૦૨૨૦૨૨ - હિતેશભાઈ, વોટ્સ એપ નં.૬૩૫૧૦૧૦૭૯૦

સ્થળ : મહાવીરભવન, લશ્કર મહોલ્લા, ચંદ્રગુપ્તરોડ, મૈસૂર.

પીન ૫૭૦૦૦૧ (કર્ણાટક)

ધ

## ज्ञान से आत्मा का अनुभव जरूर होता है :-

**- आचार्य भव्यदर्शन सूरीश्वर म. सा.**

**मैसूर । श्री सुमतिनाथ जैन श्वेताम्बर मूर्तिपूजक संघ के तत्त्वाधान में महावीर भवन में चातुर्मास बिराजित आचार्य भव्यदर्शन सूरीश्वर म. ने धर्म संदेश में बाताया कि - आस्तिक दर्शनवाले ही आत्मा को मानते है । आत्मा आंख से दिखने वाली चीज नहीं है । ज्ञान से आत्मा का अनुभव जरूर होता है । आगे जाकर केवलज्ञानी आत्मा को ज्ञान के माध्यम से प्रत्यक्ष देखते है । आत्मा को देखने के लिए अतीन्द्रियज्ञान की अपेक्षा रहती है । इन्द्रियों से स्थूलपदार्थों का भी पूरा ज्ञान जब नहीं होता है तो सूक्ष्म पदार्थों का ज्ञान कैसे होगा ? इन्द्रियों की शक्ति में भी तरतमता रहती है । क्योंकि हरएक इन्द्रियों को शक्ति देनेवाला कर्म भिन्न भिन्न होता है । अपने अपने कर्म के अनुसार उन उन इन्द्रियों को शक्ति कम - ज्यादा मिलती है । मानव को सूंघने की शक्ति दस फिट की भीं नहीं होती है, जब चींटी छोटी होने के बावजूद उस को आठ मील दूरी से बास आ जाती है । मतलब, उसका नाक ज्यादा तेज होता है । चील की आंखों में मानव से ज्यादा लंबी नज़र होती है । कई ऐसे जानवर है जिनको मानव से ज्यादा इन्द्रियों की शक्ति प्राप्त होती है । तब तो चोरी वगैरह पकड़ने के लिए इन्सान भी स्निफर डॉग का उपयोग करता है । बारुद वगैरह की गंध भी डॉग को जल्द आ जाती है । मानव को इस चीज का पता तक नहीं चलता । सामान्य से कहे तो जानवरों से ज्यादा बुद्धिशक्ति इन्सानों में होती है... फिर भी कइ बार प्रत्यक्ष में ऐसा अनुभव नज़र आता है, जिस में मानव से बेहतर बुद्धि**

जानवरों में दिखाई देती है । कभी कभी इन्सानों में भी देखें तो बड़ों से ज्यादा तेज दिमाग बच्चों का चलता हो ऐसा स्पष्ट महसूस होता है। इसका समाधान देते हुए आचारांग सूत्र कहता है - 'पुढो जीवा, पुढो कम्मा ।' मतलब, प्रत्येक जीव भिन्न है, उसी तरह प्रत्येक जीवों के कर्म भिन्न - भिन्न है । कर्म के अनुरूप जीवों को हीन - अधिक शक्ति प्राप्त होती है । कर्म कभी कभी इतने बलवान हो जाते है कि जीव को पछाड़ देता है । अतः आत्मा से कर्म ज्यादा बलवान न बन जाय उसका ध्यान रखना है । नंदीषेण मुनिवर को पावरफूल बनें कर्मो ने ही पछाड़ा था । आत्मा को इतना तेज - पावरफूल बना देना है कि - कर्मो को मात दे सकें । कर्मो को धोबी - पछाड़ देकर विजयी बन सके। आत्मा को तेज बनाने के लिए शास्त्रों के मार्गदर्शनानुसार बुद्धि - दिमाग का इस्तेमाल होना चाहिए । कभी - कभार बुद्धि के ऊपर मोहराजा का आधिपत्य प्रस्थापित हो जाता है, कभी अज्ञानता के कारण बुद्धि विपरीत मार्ग पर भटक जाती है । ऐसे होने पर मालिक - आत्मा गुलाम जैसी बन जाती है । आत्मा अनाथ अवस्था के भागी बन जाती है । आत्मा की आज़ादी को कर्म मोह वगैरह छीन लेते है । कर्म और मोह ऐसे छल - कपट और मायाजाल में फंसाकर ठग लेते है । इन सबसे आत्मा को बचाने में आप कामियाब बने, यही मंगल कामना ।

- अहिंसा क्रांति से साभार ध

## राग-द्वेष और पक्ष-विपक्ष की सोच दिमाग में से निकाल दें :

- आचार्य भव्यदर्शन सूरीश्वर म. सा.

मैसूर । श्री सुमतिनाथ जैन श्वेताम्बर मूर्तिपूजक संघ के तत्त्वावधान में महावीर भवन में चातुर्मास बिराजित आचार्य भव्यदर्शन सूरीश्वर म. ने धर्म संदेश में बाताया कि जैन शासन के ग्रंथों की बातें करें तो इतना जरूर नज़र आयेगा कि - प्रत्येक आगमों और शास्त्रों में आत्मा को केन्द्र में रखकर ही हर बातें की है । हाँ, आत्मा केन्द्र में रहने से ऐसा नहीं होता है कि - शरीर-परिवार -ज्ञाति - रिश्तें वगैरह की एकांत उपेक्षा की गई है । स्याद्वाद और अनेकांत दृष्टि को मुख्य बनाकर हरएक बात शास्त्रकार बताते है । अनेकांत दृष्टि में कभी भी कोई भी चीज का अपलाप नहीं किया जाता है । इस में तो एक दृष्टि को आगे करके बात की जाती



है । बाकी की दृष्टि को अबाधित रखा जाता है । प्रभु के संपर्क में आने पर गणधर भगवंतों की आत्मा को ऐसा ज्ञानावरणीय कर्म का विशिष्ट क्षयोपशम जग जाता है कि - स्याद्वाद और अनेकांत की नींव पर सारे आगमों की अल्पावधि में ही रचना संभवित हो जाती है । हरएक आत्मा में केवलज्ञान की सत्ता होने पर भी प्रभु के बिना संपर्क वह क्षयोपशम नहीं होता । यह रचना नहीं होती । इस स्याद्वाद - अनेकांतवाद में जगत की हर समस्या का समाधान है । चाहे तो सारे झगड़े का अंत इस से ला सकते है । समाधान के कई पहलू इस में दिये गये है । सबसे पहली शर्त यह है कि - मध्यस्थ बने । राग - द्वेष और पक्ष - विपक्ष की सोच दिमाग में से निकाल दें । निष्पक्षता के साथ सत्य और सन्मार्ग की खोज करें । प्रभु महावीरदेव ने अपने ग्यारह गणधर भगवंतों को हर उलझनों का समाधान वहीं वेदपदों के माध्यम से और स्याद्वाद शैली से ही दिये थे । केवलज्ञानी भी शंकाओं का समाधान देने के लिए शास्त्रों को ही आधार बनाते है, लेकिन एक बात यह भी है कि - शास्त्रों से ही तो शंकाए भी उठती है । उलझनों - प्रश्नो शास्त्र से उठने पर भी वही शास्त्रों को स्याद्वाद और अनेकांत के जरिए पढ़े और सोचें तो समाधान भी वहां पर ही मिल जाते है । जिस दिन शास्त्र ही नष्ट हो जाते है, उस दिन समाधान देने के लिए माध्यम ही नहीं बचेगा । शास्त्रनष्ट होने पर शासन यानी तीर्थ का विनाश हो जाता है । इसका मतलब यह हुआ कि शास्त्ररचनाओं के साथ शासन का जन्म होता है, शास्त्र विनाश के साथ शासन का भी विनाश होता है । शासन - तीर्थ की उत्पत्ति और टिकाने का काम शास्त्र करता है । अलबत्त, शास्त्र को पढ़ने-पढ़ाने वाले निर्गंथ होना भी बहुत जरूरी है । तब तो शास्त्र में ही लिखा गया - 'न तित्थं नियंठेण विणा ।' निर्गंथ-साधु के बिना तीर्थ-शासन संभवित ही नहीं है। पाप के बिना संसार नहीं चलता, साधुधर्म के बिना शासन नहीं चलता । धर्म सब को सिखाना पडता है, पाप किसी को सिखाना नहीं पड़ता । क्योंकि पाप की सोच-समझ अनादिकाल से है । धर्म की सोच-समझ नहीं है । इस संसार में धर्म का विच्छेद कईबार होता है, पाप का विच्छेद कभी न हुआ है, कभी न होगा । मोक्ष में जाना कई जगहों से बंद होता है, नरक में जाना, तिर्यचगति में जाना कभी बंद नहीं होता । - अहिंसा क्रांति से साभार

ध

# સંઘરત્નાકરનો જય થાઓ

**पंचपरमिट्ठिरयणाइं, बहुमुल्लाइं जस्स मज्झंमि ।**

**उप्पज्जंति सयावि हु, स संघरयणायरो जयउ ।।**

જેમાં બહુ મૂલ્યવાન પાંચ પરમેષ્ઠીરૂપ રત્નો હંમેશા ઉત્પન્ન થતાં જ રહે છે, તે સંઘરત્નાકરનો સદા જય થાઓ.